ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

ક્રમાંકઃ પરિક્ષા/4-અ/ 8603 /2022 તા.10-02-2022
પરિપત્રઃ 15

માન. કુલપતિશ્રીના આદેશાનુસાર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, લો, એજ્યુકેશન વિદ્યાશાખાના આચાર્યશ્રી / ભવનોના અધ્યક્ષશ્રી / માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની પ્રથમ સત્રની ઓનલાઈન તથા ઓફલાઈન પરીક્ષાઓની સંભવિત તારીખ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

| Sr | Course | Sem | ઓનલાઈન પરીક્ષાની સંભવિત તારીખ | ઓફ્લાઈન **પરીક્ષાની સંભવિત તારીખ** |
|---|---|---|---|---|
| 1 | B.A. | 1 | 28th February 2022 | 15th March 2022 |
| 2 | B.Com. | 1 | 28th February 2022 | 15th March 2022 |
| 3 | B.Sc. | 1 | 28th February 2022 | 15th March 2022 |
| 4 | B.B.A. | 1 | 28th February 2022 | 15th March 2022 |
| 5 | B.C.A. | 1 | 28th February 2022 | 15th March 2022 |
| 6 | M.A. | 1 | 28th February 2022 | 15th March 2022 |
| 7 | M.Com. | 1 | 28th February 2022 | 15th March 2022 |
| 8 | B.Ed. | 1 | 28th February 2022 | 15th March 2022 |
| 9 | M.Ed. | 1 | 28th February 2022 | 15th March 2022 |
| 10 | LLB | 1 | 28th February 2022 | 15th March 2022 |
| 11 | Integrated LLB | 1 | 28th February 2022 | 15th March 2022 |

નોંધ: ઓનલાઈન પરીક્ષાઓની મોક ટેસ્ટ તા. ૨૫-૦૨-૨૦૨૨ના રોજ લેવામાં આવશે. આ ટેસ્ટ આપવી ફરજીયાત રહેશે, આ મોક ટેસ્ટ આપી હશે તો જ તા. ૨૮-૦૨-૨૦૨૨ થી શરુ થનાર ઓનલાઈન પરીક્ષા આપી શકાશે. મોક ટેસ્ટ અને ફાઈનલ ઓનલાઇન અને ઓફ્લાઈન પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ હવે પછી વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે.

**ઓનલાઈન પરીક્ષા આપવા માટે માર્ગદર્શિકા:**

1. **ઓનલાઈન પરીક્ષામાં બેસવામાટે તમારી પાસે નીચે આપેલામાંથી કોઈપણ એક ડિવાઈસનો ઉપયોગ કરી શકશો.**

   **ફ્રન્ટ કેમેરા સાથેનો સ્માર્ટફોન (iOS કરતાં એન્ડ્રોઈડફોનનો ઉપયોગ કરવો હિતાવહ છે)**

   અથવા વેબકેમ સાથેનું લેપટોપ

   અથવા વેબકેમ સાથેનું ડેસ્કટોપ
2. ઓનલાઈન પરીક્ષા બહુ વિકલ્પી પ્રશ્નો (MCQ) આધારિત રહેશે. આપેલા જવાબોના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
3. ઓનલાઈન પરીક્ષા વધુમાં વધુ ૫૦ ગુણની હશે. આ પરીક્ષામાં મેળવેલ ગુણ ઉપરથી પ્રમાણિત કરીને ૭૦માંથી પ્રાપ્ત ગુણની ગણતરી કરવામાં આવશે.
4. ઓનલાઈન પરીક્ષામાં MCQની સંખ્યા અને કૂલ ગુણ નીચે મુજબ રહેશે.

| પ્રશ્નોની કૂલ સંખ્યા | આપવાના થતાં જવાબો | પ્રતિ પ્રશ્ન ગુણ | કૂલ ગુણ | સમય | કુલ સમય |
|---|---|---|---|---|---|
| ૫૦ | ૫૦ | ૦૧ | ૫૦ | ૦૧ મિનીટ પ્રતિ પ્રશ્ન | ૫૦ મિનિટ |

5. ખોટા જવાબ માટે નેગેટીવ માર્ક્સ નથી.
6. ઉમેદવારને પ્રત્યેક પ્રશ્નમાટે વધુમાં વધુ ૦૧ મિનિટ ફાળવવામાં આવશે. ૦૧ મિનિટ પછી આપોઆપ પ્રશ્ન દેખાતો બંધ થઈ જશે અને ઉમેદવાર એ પ્રશ્નનો ઉત્તર નહીં આપી શકે.સમય પૂર્ણ થયે વિદ્યાર્થીએ આપેલ જવાબો આપોઆપ સેવ થઈ જાય છે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

7. ઓનલાઈન પરીક્ષાના મહાવરા માટે સામાન્ય જ્ઞાનના માત્ર ૧૦ પ્રશ્નો ધરાવતી ટ્રાયલ ટેસ્ટ www.guexams.com વેબસાઈટ પર login ID: test123 અને પાસવર્ડ : test123 થી આપી શકાશે. આ ટ્રાયલ ટેસ્ટ તા.૦૨-૦૨-૨૦૨૨થી કોઈપણ સમયે અને એકથી વધુ વાર આપી શકાશે.

8. **તદુપરાંત એક મૉકટેસ્ટ લેવામાં આવશે. આ મૉકટેસ્ટ આપવી ફરજીયાત છે. મૉકટેસ્ટ આપી ન હોય તે વિદ્યાર્થી અંતિમ ઓનલાઇન પરીક્ષા આપી શકશે નહીં. જયારે ટ્રાયલ પરીક્ષાઓ ઓનલાઈન રજીસ્ટ્રેશન થયા બાદ તુરંત શરુ થઇ જશે અને મૉકટેસ્ટનો વિગતવાર કાર્યક્મ હવે પછી જાહેર કરવામાં આવશે.**

**અન્ય સામાન્ય સૂચનાઓ**

**વિદ્યાર્થી એ પરીક્ષા ચાલુ થવાના ૨૦ મિનિટ પહેલા લૉગિન કરી દેવાનું રહેશે. પરીક્ષા સમયપત્રકમાં દર્શાવેલ નિયત સમયે શરૂ અને પૂર્ણ થશે, મોડા લૉગિન થનારને વધારાનો સમય મળશે નહીં.** સમય પૂર્ણ થયે વિદ્યાર્થીએ આપેલ જવાબો આપોઆપ સેવ થઈ જાય છે.

9. **વિદ્યાર્થી કે વિદ્યાર્થિની પાઠ્યપુસ્તક (ટેક્સ્ટબુક) કે બહારના કોઈ પણ સ્રોત દ્વારા મેળવેલી કોર્સ નોટનો ઉપયોગ નહીં કરી શકે. વધુમાં ઉમેદવારોની તસવીરનું સિસ્ટમ દ્વારા રેકોર્ડિંગ થાય છે. એ બાબત ઉમેદવારે ધ્યાનમાં રાખવાની રહેશે. આથી, પરીક્ષા દરમિયાન પોતાની જગ્યા ન છોડવા ઉમેદવારોને સ્પષ્ટપણે સૂચના આપવામાં આવે છે. આ પ્રકારની કોઈ પણ વર્તણૂકને તાત્કાલિક અસરથી ગેરવર્તન તરીકે રેકોર્ડ કરવામાં આવશે અને પરીક્ષા સ્થગિત કરવામાં આવશે.**

10. **પરીક્ષા દરમિયાન જો કોઈ પણ ઉમેદવાર કોઈ ફોન કૉલ કે અન્ય કોઈ નોટિફિકેશન રીસીવ /એક્સેપ્ટ કરશે તો તેને ગેરવર્તણૂક ગણવામાં આવશે.**

11. **ફાળવાયેલી સમયમર્યાદામાં વિદ્યાર્થીએ પરીક્ષા પૂરી કરવાની રહેશે.**

12. ટ્રાયલ ટેસ્ટ / મોકટેસ્ટ / ફાયનલ ઓનલાઈન પરીક્ષા સમયે જો મુશ્કેલી જણાય તો આપના **નામ, એનરોલમેન્ટ નંબર, મોબાઈલ નંબર** અને મુશ્કેલી / વિસંગતતા જણાવતો ઇ-મેલ help@guexams.com ઉપર તુરંત મોકલી આપવો અને યુનિવર્સિટી હેલ્પ લાઇન નંબર 9313923565 / 9313923566 / 9313923567 / 9313923568 / 9313923569 નો સંપર્ક કરવો.

13. જે ડિવાઈસથી રજીસ્ટ્રેશન કરેલ છે, તેજ ડિવાઇસથી પરીક્ષા આપવી જરૂરી નથી. રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ મુદ્દા ક્રમાંક 1 પૈકી કોઈપણ ડિવાઇસથી પરીક્ષા આપી શકાય.

પરિક્ષા નિયામક

પ્રતિ,

1. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, લૉ, એજ્યુકેશન વિદ્યાશાખાના આચાર્યશ્રી/ભવનોના અધ્યક્ષશ્રી/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ તરફ.
2. માનનીય કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ.
3. માનનીય કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી તરફ.
4. તમામ વિભાગોના વડાશ્રીઓ/અધ્યક્ષશ્રીઓ તરફ.
5. ડાયરેક્ટશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફ.
6. પરિક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ.
7. ઈન્ફોર્મેશનસેન્ટરતરફ.